॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૪ નવેમ્બર ડીસેમ્બર-૧૯૯૩ અંક : ૩

## વાલીઓને

ગયા 'શારદ'માં નાનાં બાળકોનાં દફતરની વાતને સાર્વત્રિક આવકાર મળ્યો છે, તેવું વાલીઓના પ્રતિભાવ પરથી લાગ્યું. તેને અમલમાં મૂકવા મથામણ કરતાં નીચેની બાબતો વ્યવહારિક લાગી છે. પ્રયોગ તરીકે પણ તે કરી જોવાની ઈચ્છા છે.

૧. અત્યારે શ્રેણી ૧ થી ૪ના વાલીઓને વિનંતી કે વાર્ષિક પરીક્ષા પૂરી થતાં ભાષા અને ગણિતનાં પુસ્તકો શાળામાં જમા કરાવે. ઉપરનાં ધોરણનાં નવા પુસ્તકો પોતાનાં ઘેર જ રાખે, શાળામાં ઉપરોક્ત પુસ્તકોનો ઉપયોગ કરવો જેથી પાઠયપુસ્તક લાવવાનો બોજો હળવો થાય.

૨. ગણિત અને ભાષા માટે માત્ર બે પાતળી નોટો જ બાળકોએ લાવવાની રહે.

૩. સ્લેટ અને પેનનો ઉપયોગ થઈ શકે. શાળામાં જ તે વસાવી લેવાશે. બાળકોએ તે લાવવાની જરૂર નથી.

૪. એક પ્રયોગ તરીકે આ આયોજન વિચાર્યું છે. આ અંગે આપના સૂચનો આવકાર્ય છે.

૫. ગૃહકાર્ય અંગે જરૂર જણાશે તો એક નોટ રાખવાનું આયોજન છે. આ નોટ ઘર પૂરતી જ રહેશે.

દફતરનાં વજનની જેમ બાળક ગૃહકાર્યથી પણ ન દબાય તે જરૂરી છે.

આ કક્ષાએ બાળક સુંદર અક્ષરો કાઢે, પોતાની વસ્તુઓ સુઘડ અને સુવ્યવસ્થિત રાખે, ભાષા ઉપર તેની પકડ આવે તેમ જ મૌખિક ગણિતમાં તેને મહાવરો મળે તેવા પ્રયત્નો શાળામાં અને ઘરે થાય એ જરૂરી છે. પર્યાવરણનો પરિચય તો તેને વ્યવહારિક રીતે મળે તે જ ઉપયોગી બનશે. પાઠયપુસ્તકોથી પર્યાવરણના પાઠો માત્ર 'પોથીમાંના રીંગણાં' બની રહેશે. તેને આનંદ આવે તે રીતે પર્યાવરણનો પાઠ શિખવવામાં ઘર પણ બહુમૂલ્ય ફાળો આપી શકે તેમ છે, પરીક્ષાનું લક્ષ્ય દૂર કરીને .

બાળક ઘેરથી નાસ્તો લાવે અને રિસેસમાં વ્યવસ્થિત રીતે કરે એવા અમારા પ્રયત્નો હોય છે. બજારૂ ખાદ્યચીજો શાળાની બહાર ન વેચાય, ઘરની બનાવેલી પૌષ્ટિક વાનગીઓ બાળક લાવે, સમૂહમાં નાસ્તો કરવાની મજા લે એવી અપેક્ષા છે. તળેલી વાનગીઓનો આગ્રહ છોડી પૌષ્ટિક વાનગીઓ બાળક લાવે એવી અપેક્ષા છે. ચોક્કસ પ્રકારની વાનગીઓની માગણી બાળકો માત્ર દેખાદેખીથી કરે છે એવું જણાયું છે, એટલે ભાખરી, રોટલી, પણ અઠવાડિયામાં એકાદ દિવસ આપવાનું સૌ નક્કી કરીએ તો તે નાસ્તો પણ લાવવાની બાળકને ટેવ પડે. સેન્ડવીચ જેવો નાસ્તો બાળક પાસે તૈયાર કરાવવાનો પણ પ્રયોગ કરવા જેવો છે.

**દિનુભાઈના વંદન.**

## ને.. કાંઈક બની જવાય છે.

બનવા માંગુ છું કાંઈક ને
કાંઈક બની જવાય છે
આખરે, ચંદ્ર પરની ધૂળ થવાનાં સપનાં દેખતી
ધરતીની ધૂળ, ધરતીની ધૂળ રહી જાય છે.
ઉભરાતો ઉત્સાહ ને, છલકતી આશાઓ,
બસ, દિલમાં જ દબાઈ જાય છે.
બનવા માંગું છું, તરસ છિપાવતું ઝરણું,
અને નાળું બની જવાય છે.
મનની આશાઓ, દિલના અરમાનો,
છેવટે, સમયના વહેણમાં તણાઈ જાય છે.
બનવા માંગું છુ મહેકતું ગુલાબને,
કંટક બની જવાય છે.
સેવેલા સપનાં બસ !
આમ જ ! નંદવાઈ જાય છે.
હતું, કોઈ લૂછશે આંસું મારા
પણ આંખોમાંથી નીકળી ધૂળમાં મળી જાય છે.
હાય ! માનવી ધારે છે કાંઈક
ને કાંઈક થઈ જાય છે.

**શિવાની ચોકસી (૯ ક)**

(૧)

કરોળિયાના જાળા પર
ઝાકળનું બિંદુ ને
ટીપામાં સોનેરી ફૂલ

(૨)

વૃક્ષના પર્ણ પરથી
ઝાકળને ન પડવાની ઈચ્છાને
ધરતીના કણને મળવાની આશ.

(૩)

બે તારાઓ વચ્ચેથી ખરી જાય ક્ષણ;
ફૂલની પાંદડીઓ વચ્ચેથી સરી જાય ક્ષણ;
નદીના વહેણમાં વહી જાય ક્ષણ,
આપણા બે હાથમાંથી સરી જાય ક્ષણ.

(૪)

ફૂલને થયું,
સૌરભ મારી કયાં છે ?
અત્તર છાંટુ !!!

**કૌલવ ભગત (૧૧ બ)**

## "શું પરીક્ષા એજ પારાશીશી ?"

"બેન ! મારું માથું દુ:ખે છે."

"તો સ્કૂલમાં કેમ આવી ?"

"બેન ! પરીક્ષા હતી ને એટલે.... પછી પરીક્ષા બાકી રહી જાય તો વાર્ષિક પરીક્ષામાં માર્ક ઓછાં આવે ને ! ..... એટલે મમ્મીએ મને મોકલી."

..... ને ત્યારે મને થયું આટલા નાનકડાં બાળકને માથે આટલો ત્રાસ !...

પરીક્ષા, પરીક્ષા... પરીક્ષા ... અભ્યાસનું ધ્યેય માત્ર પરીક્ષા જ બની ગયું છે ! વિદ્યાર્થીની હોશિયારીની પારાશીશી એ શું માત્ર પરીક્ષાનાં માર્ક્સ જ છે ! ને એથી ય વધુ તો પરિણામ આવે એટલે અંદર અંદર વાતો શરૂ થાય.... "તારી અંકિતાને ગણિતમાં કેટલા માર્ક્સ આવ્યાં ? મારા અર્ચનને ગણિતમાં નેવું આવ્યા... શું વાત કરે છે ? ..... એના ક્લાસનાં પેલા અપૂર્વને બાણું છે ?... ના હોય ! અર્ચન જ પહેલો હોય એની મને ખાત્રી છે." તે સાંજે હજી અર્ચન ઘરમાં પેસે ત્યાં તો એનો ઉધડો લેવાઈ જાય. "સૌથી વધારે માર્ક્સ કેમ ન આવ્યાં ?" ને મહેનત કરી કરીને લાવેલાં નેવું માર્ક્સનો આનંદ પણ એ અર્ચન બિચારો માણી શકતો નથી. ત્રીજા ધોરણમાં ભણતાં બાળકને માટે આ બધી પરિસ્થિતિ કેટલી અસહ્ય બની જતી હશે ? મા-બાપે બાળકનાં માર્ક્સને તેમને માટે પ્રતિષ્ઠાનો વિષય બનાવી દીધો છે ને પરિણામે નાનપણથી જ બાળકનાં મગજમાં પરીક્ષાનો એક 'હાઉ' પેદા થાય છે.

પરીક્ષા આવતાં પહેલાં આજની શિક્ષિત અને જાગૃત માતાઓ બાળકની મર્યાદાને જરા પણ ધ્યાનમાં રાખ્યા વિના તેને ભણાવવા પાછળ મચી પડે છે. ઝોકે ચઢેલું, થાકેલું બાળક માંડ માંડ દાખલા ગણતું હોય..... કારણ કાલે પરીક્ષા છે, ત્યારે પ્રશ્ન થાય કે આ પરીક્ષા જ્ઞાન કેટલું પચાવ્યું છે તેને માટે છે કે બાળક કેટલું ગોખી શકે છે તેને માટેની છે ?

અને પછી એ જ બાળક મોટું થતાં પરીક્ષાથી દૂર ભાગવાની વૃત્તિનો ભોગ બને છે, પરીક્ષા આવતાં ધાંધિયા શરૂ કરે છે, અરે ! ત્રીજા કે ચોથા ધોરણમાં ભણતાં બાળકો ય પેપર લખવા બેસે ત્યારે અપેક્ષિત રાખવા પ્રેરાય એનાથી અસહ્ય દૂષણ બીજુ કયું હોઈ શકે !.... માર્ક્સ મેળવવા આંધળી દોટ મૂકી રહેલાં માબાપ ને તેમનાં સંતાનો શિક્ષણનું સાચું ધ્યેય શું છે તે સમજી શકશે ખરાં ?

હમણાં જ એક માબાપે બાળકને તે સારી સ્કૂલમાં જતું હોવા છતાં સ્કૂલ બદલવાનો વિચાર કર્યો... કારણ પૂછતાં જણાયું તો જવાબ હતો.... "ત્યાં પરીક્ષા નથી લેવાતી એટલે બાળકને શું આવડે છે તેની ખબર કઈ રીતે પડે ?" ને ત્યારે મારાથી કહેવાઈ ગયું.... શું પરીક્ષા ને એનાં માર્ક્સ એ જ બાળકની હોશિયારીની પારાશીશી છે ? આજે વિદ્યાર્થી અભ્યાસલક્ષી મટી પરીક્ષાલક્ષી બન્યો છે તેને માટે જવાબદાર કોણ !!!!

**ઊર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

**રમતોત્સવ :** તા. ૧૩-૧૨-૯૩ થી ૧૬-૧૨-૯૩ દરમ્યાન રમતોત્સવ યોજાયો. તાલીમ મંડળીના બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક વિવિધ રમતગમતની સ્પર્ધાઓમાં ભાગ લીધો. બાળકમાં ખેલદિલી ખિલવવાની આ સારી તક હોય છે. સ્પર્ધામાં વિજેતા નિવડનાર બાળકોને બિરુદ આપવામાં આવ્યાં.

તા. ૨૨-૧૨-૯૩ ને બુધવારે બાલમંદિરનાં બાળકોએ કઠપૂતળીનો ખેલ માણ્યો. કઠપૂતળીનાં જાણીનાં કલાકાર શનાજીએ એમનાં આ ખેલથી બાળકોને ખૂબ પ્રફુલ્લિત કર્યાં.

તા. ૨૪-૧૨-૯૩ને શુક્રવારે તાલીમ મંડળીનાં બાળકોએ નાતાલનો ઉત્સવ ઉત્સાહભેર ઉજવ્યો. ચિ. પાર્શ્વ શાંતાક્લોઝ બન્યો, ને બધાં બાળકોને ફુગ્ગા, ચોકલેટ વિગેરે વહેંચી આનંદ કરાવ્યો. બાળકોએ નાતાલનું ગીત ગાયું, ખૂબ નાચ્યાં, કૂદ્યાં ને મોઝ માણી. નાસ્તામાં બાળકોને વાલી તરફથી કેકનો નાસ્તો મળ્યો, નાતાલનાં ઉત્સવનો આ ઉમંગ અને ઉલ્લાસ અદ્‌ભુત હતાં.

**અભિનંદન**

તાલીમ વિભાગની ચિ. શિવાંગી રાજેનભાઈ ટંકશાળીએ નીચે મુજબ ઈનામો મેળવ્યાં છે તે બદલ તેમને અભિનંદન.

(૧) તા. ૨૧-૧૧-૯૩ ના રોજ અમદાવાદ મેડીકલ એસોસીયેશન આયોજીત વેશભૂષા સ્પર્ધામાં 'વઢકણી સાસુ'ના પાત્ર માટે પ્રથમ ઈનામ.

(૨) મૌલાના આઝાદ સ્મારક સમિતી દ્વારા તા. ૩૧-૧૦-૯૩ ના રોજ યોજાયેલ તત્કાલ ચિત્ર સ્પર્ધામાં ત્રીજું ઈનામ.

(૩) ૨-૧૦-૯૩ના રોજ વર્લ્ડ વાઇડ લાઇફ ફંડ દ્વારા આયોજીત તત્કાલ ચિત્રસ્પર્ધામાં આશ્વાસન ઈનામ.

બેન શિવાંગીએ ઉપરોક્ત સ્પર્ધાઓ કે જે ધોરણ ૪ સુધીનાં ભાઈબહેનો માટે હતી તેમાં સૌથી નાની ઉંમર હોવા છતાં ઈનામો મેળવ્યાં છે તે બદલ તેમને ખૂબ ધન્યવાદ.

બાળગીતોની કેસેટનો ભાગ બીજો તૈયાર થઈ ગયો છે જેને વાલીઓ તરફથી સારો આવકાર મળી રહ્યો છે.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**ગરબા સુશોભન સ્પર્ધા : ૧૫-૧૦-૯૩**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | :- | અમી પાઠક | રત્નદીપ |
| દ્વિતીય | :- | રાજવી દલાલ | ધવલગિરિ |
| | | દેવકી દવે | ગંગોત્રી |
| તૃતીય | :- | પાયલ નાણાવટી | ગંગોત્રી |
| | | જુઈ ડાંડવાલા | ગંગોત્રી |

**આરતી સ્પર્ધા : ૨૨-૧૦-૯૩**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | :- | અંકિતા પરીખ | ગંગોત્રી |
| દ્વિતીય | :- | પ્રિયાંગી શાહ | ધવલગિરિ |
| | | સર્જન શાહ | ધવલગિરિ |

| | | | |
|---|---|---|---|
| તૃતીય | :- | દેવાંગી શાહ | ધવલગિરિ |
| | | પાયલ વસાવડા | રત્નદીપ |
| | | અનાર દેસાઈ | મેઘનાદ |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા : ૩૦-૧૦-૯૩**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | :- | અનાર દેસાઈ | મેઘનાદ |
| દ્વિતીય | :- | સર્જન શાહ | ધવલગિરિ |
| | | દેવકી દવે | ગંગોત્રી |
| તૃતીય | :- | રાજવી શાહ | રત્નદીપ |
| | | તેજલ પરીખ | ગંગોત્રી |
| | | પંકિત કાજી | ધવલગિરિ |

**સુલેખન સ્પર્ધા : ૧૬-૧૨-૯૩**

**ગુજરાતી :-**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | :- | હરીતા શાહ | ગંગોત્રી |
| દ્વિતીય | :- | ક્ષિતિશ વ્યાસ | ગંગોત્રી |
| | | ધારા ત્રિવેદી | ધવલગિરિ |
| તૃતીય | :- | મનન ગોસલિયા | મેઘનાદ |

**હિન્દી**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | :- | ધારા ત્રિવેદી | ધવલગિરિ |
| દ્વિતીય | :- | ચિંતન રાવ | રત્નદીપ |
| | | ક્ષિતિશ વ્યાસ | ગંગોત્રી |
| તૃતીય | :- | વૈશલ શાહ | ગંગોત્રી |
| | | મનન ગોસલિયા | મેઘનાદ |

**અંગ્રેજી**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | :- | વિદિતા શાહ | મેઘનાદ |
| દ્વિતીય | :- | અમી પાઠક | રત્નદીપ |
| | | અનોલી મહેતા | મેઘનાદ |
| તૃતીય | :- | ધારા ત્રિવેદી | ધવલગિરિ |
| | | શિમોની શાહ | મેઘનાદ |

**નિબંધ સ્પર્ધા : તા. ૧૮-૧૨-૯૩**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | :- | ક્ષિતિશ વ્યાસ | ગંગોત્રી |
| દ્વિતીય | :- | અક્ષિ શાહ | રત્નદીપ |
| | | શાલ્વી શેઠ | મેઘનાદ |
| | | અર્ચિત પટેલ | રત્નદીપ |
| તૃતીય | :- | વૈશલ શાહ | ગંગોત્રી |
| | | શિમોની શાહ | મેઘનાદ |

વિજેતા નિવડનાર સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને ધન્યવાદ.

**નવરાત્રી ઉત્સવ :-**

તા. ૨૩-૧૦-૯૩ નાં રોજ નવરાત્રી ઉત્સવ ઉજવવામાં આવ્યો. વિદ્યાર્થી ભાઈબહેનોએ રંગબેરંગી વેશભૂષામાં સજજ થઈ સંગીત અને તાલ સાથે ગરબાની રમઝટ માણી.

ધોરણ ૧ થી ૪ માં નીચે મુજબ સ્પર્ધાઓ યોજાઈ ગઈ.

| | | |
|---|---|---|
| દાંડિયા સ્પર્ધા | ધો. ૩ તથા ૪ | ૧૫-૧૦-૯૩ |
| દાંડિયા સ્પર્ધા | ધો. ૫ તથા ૬ | ૧૬-૧૦-૯૩ |
| અભિનંદન કાર્ડ સ્પર્ધા ધો. ૩, ૪ | | ૨૦-૧૦-૯૩ |
| ક્રીસમસ ટ્રી ડેકોરેશન સ્પર્ધા ધો. ૪ | | ૨૪-૧૨-૯૩ |

વિજેતા વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

## અભિનંદન

**સ્કેટીંગ :-** તા. ૨૫ તથા ૨૬ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ સ્કેટીંગ સ્પર્ધામાં ચિ. અન્વી નિરવભાઈ શાહ ને આર્ટીસ્ટીક સ્કેટીંગમાં ચોથું અને ફીગરમાં બીજું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

**નાટ્યપ્રવૃત્તિ :-** ગુજરાત સંગીત નાટક અકાદમી યોજીત 'બાળ નાટય તાલીમ શિબિર'માં તા. ૨૧-૧૧-૯૩ થી ૨૭-૧૧-૯૩ સુધી તાલીમ લઈ પ્રમાણપત્ર મેળવવા બદલ ચિ. મલ્હાર ભટ્ટ તથા ચિ. મૌસમી ભટ્ટને અભિનંદન.

**પર્વતારોહણ :-** ગુજરાત રાજ્ય પર્વતારોહણ સંસ્થા (માઉન્ટ આબુ) તરફથી યોજાયેલ ૮૪મા શિબિરમાં તાલીમ લઈ સર્ટીફીકેટ મેળવવા બદલ માલવ શાહ તથા હીરલ શાહને અભિનંદન.

**ચિત્ર :-** હૈદ્રાબાદ ખાતે યોજાયેલ Seventh All India Exhibition of Art & Literature for Children & Young People ૧૯૯૩ આયોજત ચિત્ર સ્પર્ધામાં ચિ. શિમોલી ઈલેશભાઈ મહેતા (૩ ક) ને ડીપ્લોમાં ઑફ ડીસ્ટીંક્શન મેળવવા બદલ અભિનંદન. આજ સ્પર્ધામાં ચિ. દેવાંશી મયૂરભાઈશેઠ (૨ અ) ને પણ આવું પ્રમાણપત્ર મેળવવા બદલ અભિનંદન.

First South Asian Festival of Saarc Countries India આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. સ્તુતિ પ્રકાશભાઈ શાહ (૨ અ) ને મેરીટ સર્ટીફીકેટ મેળવવા બદલ ધન્યવાદ. આજ સ્પર્ધામાં ચિ. કૌશલ સોપારકર (૫ બ) ને તથા ચિ. ભાવિ વિજયભાઈ તલાટી ને પણ મેરીટ સર્ટીફીકેટ મેળવવા બદલ અભિનંદન.

વર્લ્ડ વાઈડ લાઈફ યોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. દેવાંશી શેઠ (૨ અ) ને ત્રીજું ઈનામ મેળવવા બદલ અભિનંદન. આ જ સ્પર્ધામાં ચિ. શિમોલી ઈલેશભાઈમહેતાએ (૩ ક) પણ આશ્વાસન ઈનામ મેળવ્યું છે તે બદલ અભિનંદન.

પુલ્લાઈ આહ કલા નિલયમ્ આયોજીત ચિત્ર સ્પર્ધામાં પ્રાકૃત હર્ષદભાઈ પટેલ (૨ ક) ને સુવર્ણચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

શંકર્સ ઈન્ટરનેશનલ ચીલ્ડ્રન્સ કૉમ્પીટીશનમાં પણ પ્રાકૃત પટેલે રૌપ્ય ચંદ્રક મેળવ્યો છે તે બદલ ધન્યવાદ.

ભારતીય સાંસ્કૃતિક, સંબંધ પરિષદ આયોજીત, First SAARC Festival દરમ્યાન યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ચિ. મૌનિશ સંજયભાઈ શાહ (૩ બ)ને મેરીટ સર્ટીફીકેટ મેળવવા બદલ ધન્યવાદ.

ચિ. શર્વિલ રાજેનભાઈ ટંકશાળીએ તાજેતરમાં ચિત્ર સ્પર્ધાઓમાં નીચે પ્રમાણે ઈનામો પ્રાપ્ત કર્યા છે તે બદલ ખૂબ ધન્યવાદ.

(૧) ફીનલેન્ડ દેશ દ્વારા આયોજીત ચિત્ર સ્પર્ધામાં "Train' ચિત્ર માટે "Diploma of Honour' નો એવોર્ડ.

(૨) યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ અને નેશનલ કાઉન્સીલ ઑફ એજયુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ દ્વારા આયોજીત પોસ્ટર સ્પર્ધામાં મેરીટ સર્ટીફીકેટ.

(૩) પરમેનન્ટ કલર્સ આયોજીત ચિત્ર સ્પર્ધામાં રાજયકક્ષાએ પ્રથમ ઈનામ.

(૪) મૌલાના આઝાદ સ્મારક સમિતિ આયોજીત ચિત્રસ્પર્ધામાં દ્વિતીય ઈનામ.

(૫) લલીતકળા આર્ટ ગેલેરી ખાતે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ઈનામ.

(૬) અમદાવાદ મેડીકલ એસોશીયેશન દ્વારા આયોજીત ચિત્ર સ્પર્ધામાં દ્વિતીય ઈનામ.

(૭) વર્લ્ડ વાઈડ લાઈફ ફંડ આયોજીત ચિત્ર સ્પર્ધામાં આશ્વાસન ઈનામ.

(૮) સ્ટર્લીંગ ક્લબ આયોજીત ચિત્રસ્પર્ધામાં આશ્વાસન ઈનામ.

ચિ. શર્વિલ ટંકશાળીએ આજદિન સુધી ચિત્રકળા ક્ષેત્રે લગભગ ૩૦ ઈનામો પ્રાપ્ત કર્યા છે, તેમનાં ઉજજ્વળ ભાવિ અને યશસ્વી કારકિર્દી માટે શુભાશિષ.

**ચિત્ર પરીક્ષા :-** ૧૯૯૩માં ગુજરાત રાજ્ય દ્વારા લેવાયેલ એલીમેન્ટરી ચિત્ર પરીક્ષામાં શાળામાંથી ૬૩ વિદ્યાર્થીમાંથી ૫૯ વિદ્યાર્થી પાસ થયાં છે. જયારે ઈન્ટરમીડીયેટ પરીક્ષામાં ૬૭માંથી બધાંજ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

### વિનયમંદિર

પ્રવાસો :- તા. ૯, ૧૦, ૧૧ અને ૧૨ મી ઑગસ્ટનાં રોજ ધોરણ ૧૧ માટે રતનમાલ નો ટ્રેકીંગ પ્રવાસ યોજાયો.

તા. ૨૮, ૨૯. ૩૦ અને ૩૧ ઑગસ્ટનાં રોજ ધોરણ ૮નાં વિદ્યાર્થીઓ માટે સૌરાષ્ટ્ર પ્રવાસ યોજાયો.

તા. ૩જી નવેમ્બરથી ૧૪મી નવેમ્બર સુધી ધોરણ ૮નાં વિદ્યાર્થીઓ માટે લક્ષદ્વીપનો પ્રવાસ યોજાયો.

તા. ૧૭મી નવેમ્બરથી તા. ૧લી ડિસેમ્બર સુધી ધોરણ ૯નાં વિદ્યાર્થીઓ માટે સિક્કિમ અને ભૂતાન પ્રવાસ યોજાયો.

વિદ્યાર્થીઓએ આ પ્રવાસમાં જ્ઞાન સાથે આનંદનો અનુભવ કર્યો, બધાંજ પ્રવાસો વિદ્યાર્થીનાં ઘડતર માટે નોંધનીય રહ્યાં.

તા. ૧-૧૨-૯૩ નાં રોજ સંસ્થાનાં કો-ઑર્ડિનેટર શ્રી ઉર્મિલાબેન શાહે ધોરણ ૮ તથા ૯ નાં વિદ્યાર્થીઓ સમક્ષ 'સમયનો સદુપયોગ' વિષય પર વક્તવ્ય રજૂ કર્યું.

તા. ૮-૧૨-૯૩ નાં રોજ સંસ્થાનાં નિયામક શ્રી દિનુભાઈએ 'સિક્કીમ અને ભૂતાનનો સ્લાઈડ શો' બતાવ્યો. વિદ્યાર્થીઓ માટે એ એક સંભારણું બની ગયું.

તા. ૧૭-૧૨-૯૩ નાં રોજ ધો. ૧૧ તા. ૧૨ નાં વિદ્યાર્થી ભાઈબહેનો સમક્ષ પ્રો. શ્રી તુષારભાઈ પુરાણીએ "Importance of English' પર માહિતીસભર વ્યાખ્યાન આપ્યું.

તા. ૨૭-૧૦-૯૩ નાં રોજ શ્રેણી ૮, ૯, અને ૧૦નાં વિદ્યાર્થી ઓએ નિવૃત્ત થતાં સંસ્થાનાં સુપરવાઈઝર શિક્ષક શ્રી ચંદુભાઈ શાહનાં માનમાં વિદાય સમારંભ યોજયો, વિદ્યાર્થીઓએ અને શિક્ષકમિત્રોએ ભાવસભર રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરી.

### આંતરગૃહ સ્પર્ધાઓ

તા. ૧૫-૧૨-૯૩ નાં રોજ આંતરગૃહ સંગીત સ્પર્ધા યોજાઈ જેમાં નીચેનાં વિદ્યાર્થી ભાઈબહેનો વિજેતા નિવડયાં તે માટે ધન્યવાદ.

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | :- | તૃષિતા ત્રિવેદી | ગીતગોવિંદ |
| દ્વિતીય | :- | આલોક કઠિયારા | ચંદ્રમૌલિ |
| | | પૂજન ધોડાદ્રા | પદ્મપુકુર |
| તૃતીય | :- | ચાંદની કાપડિયા | મેઘદૂત |
| | | ઝરણા શાહ | ચંદ્રમૌલિ |

તા. ૨૨-૧૨-૯૩ નાં રોજ આંતરગૃહ વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો વિજેતા નિવડયાં તે માટે અભિનંદન.

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | :- | રૂચિ સોપારકર | પદ્મપુકુર |
| | | નેહલ શાહ | ચંદ્રમૌલિ |
| દ્વિતીય | :- | અનુજ શાહ | મેઘદૂત |
| | | અંતરા દેસાઈ | પદ્મપુકુર |

અભિનંદન :- ઑક્ટોબર ૧૯૯૩ ની એસ.એસ.સી. ની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં સંસ્થાના વિદ્યાર્થી ભાઈ મેહુલ ઠક્કર સેન્ટરમાં ત્રીજું અને બોર્ડમાં સાતમું સ્થાન મેળવે છે તે બદલ અભિનંદન.

રાજયયોગ એજયુકેશન અને રીસર્ચ ફાઉન્ડેશન આયોજીત વક્તૃત્વ સ્પર્ધામાં ચિ. રચયિતા શાહ ને ત્રીજું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

મૌલાના આઝાદ નેશનલ એજયુકેશન ટ્રસ્ટ આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં દ્વિતીય ઈનામ મેળવી રૌપ્યચંદ્રક મેળવવા બદલ ચિ. હરિની ચૈતન્યભાઈ દેસાઈ ને અભિનંદન.

ફેબ્રુઆરી ૧૯૯૩માં લેવાયેલ પ્રખરતા શોધ કસોટીમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો જીલ્લા કક્ષાએ ઈનામો મેળવે છે તે બદલ તેમને અભિનંદન.

| | | | | |
|---|---|---|---|---|
| વિરાજ શાહ | ધો. ૯ | અંગ્રેજી | પ્રથમ | રૂા. ૧૨૫/- |
| પ્રિયાંક ઠાકરશી | ધો. ૯ | અંગ્રેજી | પાંચમું | રૂા. ૨૫/- |
| આનન કોન્ટ્રાક્ટર | ધો. ૯ | ગુજરાતી | દ્વિતીય | રૂા. ૧૦૦/- |
| પૂજા ચોકસી | ધો. ૯ | ગુજરાતી | દ્વિતીય | રૂા. ૧૦૦/- |
| અનુજ શાહ | ધો. ૮ | ગુજરાતી | પ્રથમ | રૂા. ૧૨૫/- |
| અનુજ શાહ | ધો. ૮ | ગણિત | પ્રથમ | રૂા. ૧૨૫/- |
| કલગી શાહ | ધો. ૮ | ગણિત | દ્વિતીય | રૂા. ૧૦૦/- |
| પ્રિયાંગ શાહ | ધો. ૮ | અંગ્રેજી | તૃતીય | રૂા. ૭૫/- |
| ઋષિત શાહ | ધો. ૮ | અંગ્રેજી | તૃતીય | રૂા. ૭૫/- |
| ઋષિત શાહ | ધો. ૮ | અંગ્રેજી | પાંચમું | રૂા. ૨૫/- |

First South Asian Festival of SAARC Countries - India આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. રૂચિ સોપારકર ને મેરીટ સર્ટીફીકેટ મેળવવા બદલ ધન્યવાદ.

સંસ્થાનું ગૌરવ :- સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ ચિ. પાર્થિવી અધ્યારુ, ચિ. પલક ભાવસાર તથા ચિ. વૈશાલી પટેલે તેમના 'શ્રીવૃંદ' નો ગરબાનો કાર્યક્રમ યોજીને રૂા. ૮૫૦૦૦/- જેવી માતબર રકમ દાન પેટે અર્પણ કરી છે તે માટે ધન્યવાદ. આ રકમમાંથી રૂા. ૨૫,૦૦૦/- ભૂકંપ રાહત ફંડમાં તેમણે આપ્યાં છે. 'શ્રીવૃંદ'નાં અન્ય સભ્યો પણ શારદામંદિરની વિદ્યાર્થિનીઓ જ છે.

### શ્રધ્ધાંજલિ

સંસ્થાના નિષ્ઠાવાન ભૂતપૂર્વ શિક્ષક શ્રી બાપુભાઈ ર. દેસાઈનાં દુઃખદ અવસાન બદલ સંસ્થા દુઃખની લાગણી અનુભવે છે. ઈશ્વર સદ્‌ગતના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.


તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ ૩૮૦ ૦૦૭

ટાઈપ સેટીંગ : સુલેખ ગ્રાફિક્સ પ્રા. લિમીટેડ, ૩૦૪ હરીકૃપા ટાવર, જુના શારદામંદિર રોડ, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન નં. ૪૨૫૫૫૫૯